# વલ્લભીપુરમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી :મંત્રી વેકરીયાએ તિરંગો લહેરાવ્યો

**પ્રજાસત્તાક માત્ર અધિકારો આપતું નથી, પરંતુ નાગરિક તરીકે જવાબદારીઓનું પણ સ્મરણ કરાવે છે; મંત્રી કૌશિક વેકરીયા**

**વલ્લભીપુર તાલુકાના વિકાસ કાર્યો માટે રૂ.૨૫ લાખનો ચેક અર્પણ, ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન માટે ૯ વાનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું**








ભાવનગર,તા.૨૭

ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે વલ્લભીપુર ખાતે જિલ્લા કક્ષાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી વેકરિયાએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી ધ્વજવંદન કર્યું અને જનમેદનીને સંબોધી રાષ્ટ્રપ્રેમ, સંવિધાન મૂલ્યો અને વિકાસ યાત્રા અંગે પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. પોતાના સંબોધનમાં વલ્લભીપુરની ઐતિહાસિક ધરતીને નમન કરતાં જણાવ્યું કે ,વલ્લભીપુર પ્રાચીન સમયમાં જ્ઞાન અને સંસ્કૃતિનું વૈશ્વિક કેન્દ્ર રહ્યું હતું. વલ્લભી વિદ્યાપીઠે દેશ-વિદેશના વિદ્વાનોને આકર્ષ્યા હતા, જે ગુજરાતની વૈભવી શૈક્ષણિક પરંપરાનું પ્રતિક છે.તેમણે સૌરાષ્ટ્રના ગૌરવરૂપ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના લોકકલ્યાણકારી શાસનને યાદ કરતાં જણાવ્યું કે શાળાઓ, હોસ્પિટલો, પુસ્તકાલયોની સ્થાપના અને ખેડૂતોનું દેવું માફ કરવું જેવી કામગીરી સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.

પ્રભારી મંત્રીએ ભારતીય બંધારણના ઘડવૈયાઓ તથા દેશની આઝાદી માટે બલિદાન આપનાર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમણે કહ્યું કે પ્રજાસત્તાક માત્ર અધિકારો આપતું નથી, પરંતુ નાગરિક તરીકે જવાબદારીઓનું પણ સ્મરણ કરાવે છે.તેમણે જણાવ્યું કે,વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત વિશ્વમંચ પર મજબૂત, આત્મનિર્ભર અને સંસ્કૃતિપ્રધાન રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યું છે.

વલ્લભીપુર તાલુકાના વિકાસ કાર્યો માટે મંત્રી દ્વારા જિલ્લા કલેક ડૉ.મનીષ કુમાર બંસલને રૂ.૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.મંત્રીના હસ્તે વિવિધ વિભાગોના કર્મયોગીઓનું શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન કરાયું હતું.કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓએ રંગારંગ પ્રસ્તુતિ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં.કાર્યક્રમ બાદ મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય શંભુપ્રસાદ ટુંડીયાજી સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.ત્યારબાદ વલ્લભીપુર મામલતદાર કચેરી ખાતે મંત્રીએ ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન માટે ૯ જેટલી વાનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

## ભાવનગર જિલ્લાએ સોલાર રૂફટોપ બાબતે બીજો ક્રમ મેળવ્યો - મંત્રી

ભાવનગર જિલ્લામાં સૌર ઊર્જાના ઉપયોગમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને હજારો ઘરોમાં સોલાર સિસ્ટમ સ્થાપિત થઈ છે. સોલાર રૂફટોપ યોજના તથા પ્રધાન મંત્રી સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં રહેણાંક વીજ ગ્રાહકોમાં સોલાર એનર્જીના વપરાશને વધારવાના હેતુથી ૪૧ હજારથી વધુ ગ્રાહકોને ત્યાં સોલર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે જેની કુલ સ્થાપિત ક્ષમતા ૧૮૧,૦૫૪ કિલોવોટ છે. આ સાથે ભાવનગર જિલ્લાએ સોલાર રૂફટોપ બાબતે બીજો ક્રમ મેળવ્યો છે. મંત્રી વેકરીયાએ કહ્યું કે,સતત, ગુણવત્તાસભર અને વિશ્વસનીય વિદ્યુત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ભવનગર સર્કલ હેઠળ કુલ-૨૨ ફીડર પર MVCC કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.

# ઘોઘાના હેડ કોન્સ્ટેબલની આત્મહત્યા મામલે PSI સામે કાર્યવાહીની માંગ ઉગ્ર બની, કરણી સેના મેદાને

**કરણી સેનાનું અલ્ટીમેટમ: જવાબદાર PSI સામે કાર્યવાહી ન થાય તો રાજ્યવ્યાપી આંદોલન છેડવાની ચીમકી**





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૭

ભાવનગરના ઘોઘા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા દિગ્વિજયસિંહે આત્મહત્યા કરી લીધા બાદ પરિવારજનોએ PSI બી.કે ગોસ્વામી પર ગંભીર આક્ષેપો કર્યા છે અને કાર્યવાહી માગ કરી છે. પરંતુ PSI સામે કોઈ કાર્યવાહી ન થતા કરણીસેના મેદાનમાં આવી છે. શ્રીરાજપૂર કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ સહિતના હોદેદારો ભાવનગર પહોંચ્યા હતા અને PSI સામે કાર્યવાહીની માગ કરી છે. કરણી સેનાએ અલ્ટીમેટમ આપ્યું છે. જો કાર્યવાહી કરવામાં નહી આવે તો રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી આપી છે.

શ્રીરાજપૂત કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ વીરભદ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે,પોલીસમાં ભરતી થનાર યુવાન માનસિક રીતે ખૂબ મજબૂત હોય છે, છતાં જો તેને આપઘાત કરવો પડ્યો હોય તો કલ્પના કરો કે તેને કેટલો ભયાનક માનસિક ત્રાસ આપવામાં આવ્યો હશે.તેમણે વધુમાં ઉમેર્યું કે અન્ય કિસ્સાઓમાં સરકાર ત્વરિત કડક પગલાં લેતી હોય છે, તો આ કેસમાં જૈં સામે હજુ સુધી ક્ષ્ઇૈ કેમ નથી ફાટી ?

ગોહિલવાડ રાજપૂત સમાજના ઉપ-પ્રમુખ ધરમવીરસિંહ ગોહિલ અને વીરભદ્રસિંહે SP સમક્ષ લેખિત રજૂઆત કરી ગંભીર આક્ષેપ કર્યો છે કે,?ઘટના સ્થળેથી સુસાઈડ નોટ મળી હોવાની ચર્ચા છે, પરંતુ તે હજુ સામે આવી નથી, જે PSIના ત્રાસથી આપઘાત થયો છે, તે જ તપાસ પ્રક્રિયામાં સામેલ હોય તો પુરાવા સાથે ચેડાં થવાની ૧૦૦ ટકા શક્યતા છે, ?સ્વાભિમાની પોલીસ જવાનો જ્યારે ટાર્ગેટ પૂરા નથી કરી શકતા ત્યારે અધિકારીઓના ટોર્ચરનો ભોગ બને છે.

૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ની સાંજે ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ જયદેવસિંહ ગોહિલે ચાલુ ફરજ દરમિયાન ઘોઘા તાલુકાના ભૂતેશ્વર ગામ નજીક પોતાની કારમાં જ ઝેરી દવા પી લીધી હતી. તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા અને ત્યારબાદ વધુ સારવાર માટે ભાવનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા, જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.મૃતકના પરિવારજનોનો આક્ષેપ છે કે, ઘોઘા પોલીસ સ્ટેશનના જૈં બી.કે. ગોસ્વામી દ્વારા દિગ્વિજયસિંહને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ સતત થઈ રહેલા શોષણ અને ત્રાસથી કંટાળીને જ તેમણે અંતિમ પગલું ભર્યું હોવાનું પરિવાર જણાવી રહ્યો છે.

# મોટા ખુટવડામાં પશુપાલકને માર મારવા મામલે PSI સહિત ચાર સામે ગુન્હો નોંધાયો

**PSI પકડીને લાફા ઝીંક્યાં, GRD જવાને માથામાં લાકડી ફટકારી; ગાડીમાં બેસાડી મારી નાખવાની ધમકી આપી**

ભાવનગર,તા.૨૭

મહુવા તાલુકાનું મોટાખુંટવડા ગામ હાલ પોલીસ અને સ્થાનિક પશુપાલક વચ્ચે ઝઘડાએ ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. રસ્તા પર પશુઓ હંકારવા જેવી નજીવી બાબતે થયેલી પોલીસ અને પશુપાલક યુવક સાથે ભારે બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં પહેલાં PSI એ પશુપાલક વિરૂદ્ધ ફરજમાં રૂકાવટ અને જીવલેણ હુમલાની ફરિયાદ નોંધાવી હતી. આ હુમલાના પાંચ દિવસ બાદ સામે પક્ષે પશુપાલક યુવકે જૈં સહિત ૪ પોલીસકર્મીઓ પર 'પોલીસ દાદાગીરી' અને બેહરેમીથી માર મારવાની ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે ખુંટવડા પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર ?મોટા ખુંટવડા ગામના રહેવાસી ભાવેશ રાઘવભાઈ ચોસલા (ઉ.વ. ૨૪) જે ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તે ગત ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાંજે પોતાની વાડીએથી ભેંસો લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. સાંજના સમયે બોરડી અને ખુંટવડા વચ્ચે આવેલી રોજકી નદીના નાળા પાસે રસ્તો સાંકડો હોવાથી ભેંસો પસાર થઈ રહી હતીતે દરમિયાન ખુંટવડા પોલીસ સ્ટેશનના PSI યાદવ સરકારી જીપ સાથે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તે વેળાએ ભેંસો સાઈડમાં લેવા બાબતે યુવક સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. રસ્તો સાંકડો હોવાથી યવકે આગળ જઈને ભેંસો સાઈડમાં લેવાનું કહેતા જ PSI ઉશ્કેરાઈ ગયા હતા અને યુવકને પકડીને લાફા ઝીંક્યાં હતા. તેમજ PSI યાદવ અને જસકુ કામળીયા યુવકને પકડીને આડેધડ ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા.

GRD જવાન નાગજી યુવક પાસેથી તેની જ લાકડી (બડો) આંચકી લીધી હતી અને તેના માથાના ભાગે ફટકારી દીધી હતી. જેના કારણે યુવક લોહીલુહાણ થઈ ગયો હતો. કોન્સ્ટેબલ જાડેજા ત્યાર બાદ સ્થળ પર આવેલી ૧૧૨ની ગાડીના સ્ટાફ દ્વારા પણ યુવકને માર મારવામાં આવ્યો હતો. ગાડીમાં બેસાડીને તેના વાળ ખેંચી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવમાં ઈજાગ્રસ્ત ભાવેશને પ્રથમ ખુંટવડા સરકારી દવાખાને અને ત્યાર બાદ ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, માથાના ભાગે ગંભીર ઈજા હોવાથી અને દુ:ખાવો વધતા તેને ભાવનગર સર.ટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેને માથાના ભાગે ટાંકા પણ આવ્યા છે. પશુપાલક ભાવેશ ચોસલાએ ખુંટવડા પોલીસ મથકે PSI યાદવ, જસકુ કામળીયા, GRD જવાન નાગજી તથા જાડેજા વિરૂદ્ધ BNSની કલમ ૧૧૫(૨), ૧૧૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ચારેય પોલીસકર્મીઓ વિરૂદ્ધ કડક કાયદેસરની કાર્યવાહીની માગ કરી છે.

# સ્વતંત્ર રીતે નિષ્પક્ષ અને જવાબદારી પૂર્વક મતાધિકારનો ઉપયોગ કરવા શપથ લેવાયા

**ભાવનગર મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવણી અંતર્ગત મતદાર શપથવિધિ યોજાઈ**

ભાવનગર,તા.૨૭

રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મતદાર શપથવિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ભાવનગર મહાનગરપાલિકાની કચેરી ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ ઉપસ્થિત નાગરિકોએ લોકશાહી મૂલ્યો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને જવાબદાર રીતે મતાધિકારનો ઉપયોગ કરવાની શપથ લીધી હતી.

આ પ્રસંગે મહાનગરપાલિકાના અધિકારીશ્રી દ્વારા મતદાનના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મજબૂત લોકશાહી માટે દરેક પાત્ર નાગરિકનું સક્રિય મતદાન અનિવાર્ય છે અને મતદાન દ્વારા જ નાગરિકો પોતાની જવાબદારી નિભાવે છે.

કાર્યક્રમ દરમિયાન મતદાર જાગૃતિ અંગે સંદેશાઓ આપવામાં આવ્યા હતા તથા લોકશાહી પ્રક્રિયામાં વધુમાં વધુ નાગરિકોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ લોકશાહી ભાવના અને ઉત્સાહભર્યા માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# શિપબ્રેકર સાથે લાખોની છેતરપિંડી કેસમાં ત્રણની ધરપકડ

**LCBએ ૩ આરોપીને પકડીને કોર્ટમાં રજૂ કરતા એક દિવસના રિમાન્ડ મંજૂર, અન્ય એકની શોધખોળ**

ભાવનગર,તા.૨૭

અલંગ શિપબ્રેકિંગ યાર્ડમાં શિપબ્રેકર સાથે છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. કંપનીના સેલ્સ મેનેજર સહિત અન્ય ૩ શખસો દ્વારા ખોટી કિંમત દર્શાવી માલ વેચાણ કરવાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ ટીમે ૩ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે આ બનાવમાં મુંબઈના રહેવાસી એક આરોપીને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, અલંગ શિપબ્રેકિંગ યાર્ડમાં છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. જેમાં શિપબ્રેકર સંજયભાઈ પ્રતાપરાય મેહતાએ તા. ૨૫ જાન્યુઆરીના રોજ ફરિયાદ નોંધાવી હતી કે, અમારી કંપનીના સેલ્સ મેનેજર હકાભાઈ વાજા તથા રૂવાબઅલી સુવાલે શેખે કંપનીમાં રહેલા ક્રેઈન વજન ૧૨.૭૫૬ ટન તથા ૯.૫૬ ટન, જે એક કિલોની કિ.રૂ. ૫૨:૫૫ ના ભાવથી કુલ રૂ. ૧૧,૭૧,૨૯૬ માં મુન્નાભાઈ ભગવાનભાઈ દિહોરા રહે. ત્રાપજ ગુજરાત આયર્ન એન્ડ સ્ટીલવાળા પાસે ખરીદ કરાવી, મુન્નાભાઈ દિહોરાએ તેની અલંગ આયર્ન એન્ડ સ્ટીલ નામની કંપનીમાં આ માલ રૂ. ૧૦૫ માં ખરીદી, રાકેશ રાજીવ રંજન, મુંબઈના રહેવાસી, હસ્તક રૂ. ૧૬૫ ના ભાવથી મુંબઈ ખાતેની કંપનીને વેચાણ કરાવ્યું હતું. અંદાજે એકાદ માસમાં, ફરિયાદીની કંપનીમાં સેલ્સ મેનેજર હકાભાઈ વાજા તથા રૂવાબઅલી સુવાલે શેખે અમારી કંપનીમાં રહેલ કેબલમાં ખરેખર ૫ કિલોએ એક કિલો કોપર નીકળે, તેના બદલે ૮ કિલો કેબલમાં ૧ કિલો કોપર દર્શાવી, માલ ઓછી ગુણવત્તાવાળો દર્શાવી કેબલ વજન ૧૮ ટન, કિ.રૂ. ૮૦ ના ભાવથી રૂવાબઅલી શેખ પાસે ખરીદ કરાવી. બંનેએ આર્થિક લાભ મેળવ્યો હતો .



સેલ્સ મેનેજર હકાભાઈ વાજા તથા

આમ, કંપની સાથે સેલ્સ મેનેજર હકુભાઈ વાજા, રુવાબઅલી સુવાલે શેખ, મુન્નાભાઈ દિહોરા અને મુંબઈનો રહેવાસી રાકેશ રાજીવ રંજન તમામ માણસોએ મેળાપીપણું કરી, પૂર્વઆયોજીત ગુનાહિત કાવતરું રચી, ખરેખર માલની કિંમત કરતાં ઓછી કિંમતે માલ ખરીદ-વેચાણ કરી, કરાવી છેતરપિંડી તથા વિશ્વાસઘાત કર્યા અંગેની અલંગ મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો.

# બિયરના ટીન સાથે શખ્સ ઝડપાયો

**ટોપથ્રી સર્કલ વિસ્તારમાં આવેલા મકાનમાં એલસીબીનો દરોડો**



ભાવનગર,તા.૨૭

ભાવનગર એલસીબીએ પેટ્રોલીંગ દરમિયાન શહેરના ટોપથ્રી સર્કલ વિસ્તારમાં આવેલા એક મકાનમાં દરોડો પાડી ૬ પેટી બિયરનો જથ્થા સાથે એક શખસને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ એલસીબી પોલીસ ભાવનગર શહેર વિસ્તારમાં પ્રોહિબિશન અને જુગાર બાબતે બાતમી મેળવવા ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન ગત સાંજના સમયે શહેરના ટોપથ્રી સર્કલ નજીક બાતમી મળી હતી, કે મેહુલ ઉર્ફે બુલબુલ આણંદભાઈ, મૂળ લાખણકા ગામનો રહેવાસી અને હાલ ઘનશ્યામનગર, પ્લોટ નં. 1/B ખાતે ગંભીરભાઈ ચૌહાણના મકાનમાં ભાડેથી રહે છે અને ત્યાં વિદેશી દારૂ તથા બિયરની વેચાણ પ્રવૃત્તિ કરે છે. આથી તપાસ કરતા મેહુલ ઉર્ફે બુલબુલના કબ્જા-ભોગવટાના મકાનમાંથી કીંગફિશર સ્ટ્રોંગ પ્રીમિયમ બિયરની ૬ પેટી મળી આવી હતી, જેમાં ૫૦૦ એમએલના કુલ ૧૪૪ ટીન હતા. દરેક ટીનની કિંમત રૂ.૨૨૦ પ્રમાણે કુલ રૂ.૩૧,૬૮૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મામલે એલસીબી પોલીસે આરોપીને બિયરના જથ્થા સાથે ઝડપી લઈ ભરતનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે ભાવનગર જિલ્લામાં SIRમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ આર.એસ. ચૌહાણનું કરાયું સન્માન



૧૬મા રાષ્ટ્રીય મતદાતા દિવસ - ૨૦૨૬ નિમિત્તે ભાવનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા **Special Intensive Revision (SIR)** પ્રક્રિયામાં નોંધપાત્ર અને સમર્પિત સેવાઓ આપનાર અધિકારીઓ, કર્મચારીને સન્માનિત કરવામાં આવ્યા હતા.ભાવનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડૉ. મનીષ કુમાર બંસલના હસ્તે જિલ્લાના માહિતી કચેરી, ભાવનગરના ડેપ્યુટી ડિરેક્ટર ઓફ ઈન્ફોર્મેશન અને નોડલ ઓફિસર મીડિયા (**SIR**) તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ બદલ આર. એસ. ચૌહાણને પ્રમાણપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી તંત્રએ ચૌહાણની સેવાઓને પ્રશંસનીય અને કદરલાયક ગણાવી હતી. તેમણે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ૨૦૨૫-૨૬, ઈ-રોલ તૈયાર કરવાની કામગીરીથી લઈ વિવિધ ચૂંટણી કામગીરીનો ઉત્તામ રીતે પ્રચાર- પ્રસાર કરી, નિષ્ઠા અને પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેમની કામગીરીના પરિણામે ચૂંટણી પ્રક્રિયાઓ સરળ, પારદર્શક અને સફળ રીતે સંપન્ન થવામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું હોવાનું જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નોંધવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)